સને ૨૦૨૩-૨૪ નવી બાબત -

નિયામક(આ.વિ.)ના તાબા હેઠળની (૧) પ્રાયોજના વહીવટદારની કચેરી, ભરૂચ અને (૨) આશ્રમશાળા અધિકારીની કચેરી, વલસાડ ના કન્ડમ થયેલ વાહન સામે નવું વાહન ખરીદ કરવા કરવા અંગે વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,

આદિજાતિ વિકાસ વિભાગ,

ઠરાવ ક્રમાંક-TDD/NVB/e-file/25/2023/0212/KH,

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગરનો તા-૦૨/૦૨/૨૦૨૩ નો પત્ર ક્રમાંક:DOTD/0049/02/2023.

પ્રસ્તાવના:

આ વિભાગ હસ્તકની તાબાની કચેરીઓ દ્વારા ભારત સરકારના અનુ.જાતિ , અનુ.જનજાતિ અત્યાચાર નિવારણ ધારા-૧૯૮૯ ના અસરકારક અમલીકરણની કામગીરી તેમજ અનુ.જનજાતિના લોકોના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકાયેલ વિવિધ યોજનાઓના અમલીકરણ માટે દેખરેખ તેમજ મોનિટરીંગની કામગીરી કરવાની હોય છે. તેમજ કાર્યવિસ્તારમાં આવતા પોલીસ સ્ટેશનો, શાળાઓ, ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયો, સરકારી છાત્રાલયો, આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ, આદર્શ નિવાસી શાળાઓ તેમજ કેન્દ્રીય પુરસ્કૃત આદર્શ નિવાસી શાળાઓ તેમજ દર માસે યોજાતી તકેદારી સમિતિની જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ તથા ખાતાના વડા અને રાજ્ય સરકાર દ્વારા યોજાતી મિટીંગમાં હાજરી આપવાની હોય તે માટે નિયામક(આ.વિ.)ના તાબા હેઠળની (૧) પ્રાયોજના વહીવટદારની કચેરી, ભરૂચ ની કચેરીના કન્ડમ થયેલ ૧ (એક) વાહન સામે ૧ (એક) નવુ વાહન ખરીદ કરવા તથા (૨) આશ્રમશાળા અધિકારીની કચેરી, વલસાડ કચેરીના કન્ડમ થયેલ ૧ (એક) વાહન સામે ૧ (એક) નવુ વાહન ખરીદ કરવા, ૧ વાહન માટે રૂ.૮.૦૦ લાખ લેખે કુલ-૦૨(બે) વાહન માટે કુલ રૂ. ૧૬.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, સને ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સમાવિષ્ટ નિયામક(આ.વિ.)ના તાબા હેઠળની (૧) પ્રાયોજના વહીવટદારની કચેરી, ભરૂચ ની કચેરીના કન્ડમ થયેલ ૧ (એક) વાહન સામે ૧ (એક) નવું વાહન ખરીદ કરવા તથા (૨) આશ્રમશાળા અધિકારીની કચેરી, વલસાડ કચેરીના કન્ડમ થયેલ ૧ (એક) વાહન સામે ૧ (એક) નવું વાહન ખરીદ કરવા માટે અનાવર્તક ખર્ચ પેટે ૧ વાહન માટે રૂ.૮.૦૦ લાખ લેખે કુલ-૦૨(બે) વાહન માટે રૂા. ૧૬.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

1. બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસાર જ વાહન ખરીદવાનું રહેશે તે સિવાયનું વાહન ખરીદવાનું રહેશે નહીં.
2. નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રક્રીયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.
3. વાહનની ખરીદી બંદરો અને વાહન વ્ય.વિભાગના તા.૧૧/૦૪/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:જીટીએસ/૧૦૨૦૧૩૩૧૯/ઘ ની ગુજરાત સરકારના ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પદ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉધોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ

Signature valid
Signed by:Jaydeysinh K. Vaghela
Under Secretary
Date: 2023.04.28 10:45:04 +05:30

સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

4. નવા ખરીદેલ વાહનની હિસ્ટ્રી શીટ અને લોગબુક નિભાવવાની રહેશે.
5. નવા વાહનની ખરીદી થયેથી વાહન માટે ડ્રાઈવરની જગ્યા ઉપલબ્ધ ન હોય તો ડ્રાઈવરની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ અનુસાર આઉટસોર્સથી લેવાની રહેશે. આ માટે અલગથી ડ્રાઈવરની કોઈ નવી જગ્યા ઊભી કરવાની રહેશે નહિ.
6. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
7. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
8. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
9. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
10. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
11. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
12. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
13. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
14. આ અંગેનો ખર્ચ "માંગણી ક્રમાંક: ૯૬(આયોજન), મુખ્ય સદર : ૨૨૨૫ અનુ.જાતિઓ, અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨ અનુ. આદિજાતિઓનું કલ્યાણ ગૌણ સદર: ૭૯૬, ટી.એ.એસ.પી.., પેટા સદર: ૨૫-વીકેવાય-૫૩, વહીવટી તંત્રને તમામ કક્ષાએ સંગીન બનાવવું" હેઠળ ચાલુ વર્ષની નાણાકીય જોગવાઈમાંથી મેળવવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. ૨૦/૦૪/૨૦૨૩ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયદેવસિંહ વાઘેલા)
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના :-**

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (સેવા), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Signature valid
Signed by:Jaydevsinh K. Vaghela
Under Secretary
Date: 2023.04.28 10:45:04 +05:30

- સચિવશ્રી(ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર સત્વરે મુકવા વિનંતી સહ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ/સિલેકટ ફાઇલ.

Signature valid
Signed by: Jaydevsinh K. Vaghela
Under Secretary
Date: 2023.04.28 10:45:04 +05:30